સુવિચાર : માતાપિતાના અમૂલ્ય બલિદાનને ધનના ત્રાજવે તોલશો નહિં... - સંત રોબિન

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૩૬ | ૫ નવેમ્બર, ૨૦૧૫, ગુરૂવાર ; આસો વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

તાપમાન
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૧.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૪૩ ટકા

ફટાફટ ન્યુઝ

- બિહાર ચૂંટણીના અંતિમ દોરના મતદાન માટે સઘન સુરક્ષા
- મોદીએ ૨૬ રેલી કરી નવો રેકોર્ડ સર્જ્યો છે
- ભાજપ સરકાર ચારેબાજુથી હવે ઘેરાઈ ગઈ છે : કોંગ્રેસ
- રાજનને ભારત લાવવાને લઈને સસ્પેન્સની સ્થિતિ
- અશોક ચક્ર સાથેના ભારતીય સોનાના સિક્કા આજે લોન્ચ
- ગુલામ અલીના ભારતમાં બધા કોન્સર્ટને રદ કરાયા
- આગામી ત્રણ જ વર્ષમાં સંઘ બિહારની દરેક વસ્તીમાં હશે
- મેગી નુડલ્સ મસાલા આ મહિનામાં બજારમાં હશે
- વેચવાલી વચ્ચે સેન્સેક્સમાં ૩૭ પોઈન્ટનો ઘટાડો થયો
- સહિષ્ણુતાના મુદ્દે રાજન પોતાની વાત પર મક્કમ
- ખાખી હાફ પેન્ટના બદલે સંઘમાં હવે ટ્રાઉઝર્સ હશે

બિહારમાં આજે અંતિમ તબક્કાનું મતદાન

કુલ ૮૨૭ ઉમેદવારો મેદાનમાં : ૧.૫ કરોડથી વધુ મતદારો મતાધિકારનો ઉપયોગ કરવા ઈચ્છુક : નવ જિલ્લાઓને આવરી લેતી ૫૭ બેઠક પર મતદાનને લઈને તમામ તૈયારી પરિપૂર્ણ : અંતિમ ચરણમાં મુસ્લિમ મતદારોની ભૂમિકા ચાવીરૂપ બની રહેશે

પટણા,તા. ૪

બિહારમાં પાંચમાં અને અંતિમ તબક્કાના મતદાનને લઈને તંત્રે તમામ તૈયારી કરી લીધી છે. અભૂતપૂર્વ ઉત્સાહ અને સઘન સુરક્ષા વચ્ચે આવતીકાલે ગુરૂવારે પાંચમા તબક્કામાં મતદાન યોજનાર છે.પાંચમા તબક્કામાં ૫૭ બેઠકો માટે મતદાન યોજનાર છે. પાંચમા તબક્કામાં પણ અગાઉના બે તબક્કાની જેમ એનડીએ અને મહાગઠબંધન વચ્ચે તીવ્ર સ્પર્ધા થનાર છે. આ વખતે પાંચમા અને અંતિમ તબક્કાની ચૂંટણી મહત્વપૂર્ણ બની છે.કારણ કે સટ્ટાબજારમાં બન્ને ગઠબંધન વચ્ચે જોરદાર સ્પર્ધા ચાલી રહી છે. પાંચમા તબક્કામાં જે જિલ્લાને આવરી લેવામાં આવ્યા છે તેમાંપશ્ચિમ બંગાળની સરહદ પર આવેલા સીમાંચલ વિસ્તારની બેઠકનો પણ સમાવેશ થાય છે. નવ જિલ્લામાં મતદાન યોજનાર છે. જેમાં મધુબાની, દરભંગા, સૌપોલ, માધેપુરા, સહર્ષા, આરારિયા, કિશનગંજ, પુર્ણિયા અને કટિહારનો સમાવેશ થાય છે. એડિશનલ ચીફ ઈલેક્ટોરલ આર. લક્ષ્મણને કહ્યુ છે કે પાંચમા તબક્કામાં કુલ૧૫૫૪૩૫૯૪ મતદારોછે. આ તમામ મતદારો ચૂંટણી મેદાનમાં રહેલા ૮૨૭ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે.જેમાં ૫૮ મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે. રાજ્યમાં પાંચમા

● અનુસંધાન પાન-૭ પર

શાહરૂખના નિવેદનથી ભાજપ લાલઘુમ

નવી દિલ્હી, તા. ૪



બોલીવુડના સુપરસ્ટાર શાહરૂખ ખાનના નિવેદનને લઈને હવે દેશભરમાં હોબાળો મચી ગયો છે. શાહરૂખ ખાનના અસહિષ્ણુતા અંગેના નિવેદન બાદ ભાજપના લોકો એકબાજુ શાહરૂખ ખાન ઉપર તુટી પડ્યા છે. શાહરૂખ ખાન ઉપર આક્ષેપબાજીનો દોર શરૂ થઈ ગયો છે. સાધ્વી પ્રાચી અને કૈલાશ

શાહરૂખ પર સાધ્વી પ્રાચી, વિજયવર્ગીય બાદ યોગી આદિત્યનાથના પ્રહાર
શાહરૂખ-હાફિજ સઈદ એક ભાષામાં વાત કરે છે : થોડાક લેખક, કલાકારોની ભારત વિરોધી ભાવનાને શાહરૂખ ટેકો આપે તે કમનસીબ :યોગી આદિત્યનાથ

વીજયવર્ગીયાના શાહરૂખ ખાન ઉપર તેજાબી પ્રહારો બાદ હવે ભાજપના સાંસદ યોગી આદિત્યનાથે બોલીવુડના સુપરસ્ટારની જોરદાર ઝાટકણી કાઢી છે અને તેની સરખામણી પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જમાત-ઉલ-દાવાના લીડર હાફિજ સઈદ સાથે કરી દીધી છે.

શાહરૂખ ખાનને ટાર્ગેટ બનાવતા ભાજપના આક્રમક સાંસદ યોગી આદિત્યે કહ્યું છે કે શાહરૂખ અને હાફિજ સઈદ એક જ ભાષામાં વાત કરે છે. તેમની વચ્ચે કોઈ જ અંતર નથી. યોગી આદિત્યનાથે કહ્યું છે કે, થોડા ઘણા લેખકો અને કલાકારો જો ભારત વિરોધી ભાવના ધરાવે છે તો આનો મતલબ એ નથી કે દેશમાં માહોલ યોગ્ય નથી.

આ કમનસીબ બાબત છે. કૈલાશ વીજયવર્ગીયે શાહરૂખ પર પ્રહાર કરતા કહ્યું છે કે શાહરૂખ ખાનની ફિલ્મોને બોલીવુડમાં લોકપ્રિયતા મળી રહી છે. તેની ફિલ્મો કમાણી કરી રહી છે.જો અસહિષ્ણુતાનો માહોલ રહે તો તેની ફિલ્મો કઈ રીતે કમાણી કરી શકે છે. ભાજપના નેતા વીજયવર્ગીયે

● અનુસંધાન પાન-૭ પર

ભારત-દક્ષિણ આફ્રિકા વચ્ચે આજથી પ્રથમ ટેસ્ટ મેચ

કેપ્ટન વિરાટ કોહલી પર જીત માટેનુ દબાણ : મોહાલી વિકેટ પર સ્પીનરો ભારત માટે ચાવીરૂપ ભૂમિકા અદા કરી શકે છે : સ્ટાર ખેલાડીઓ પર તમામની નજર

મોહાલી,તા. ૪

મોહાલીમાં પંજાબ સીએ ગ્રાઉન્ડ પર આવતીકાલથી ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચાર ટેસ્ટ મેચોની શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ રમાનાર છે. કરોડો ચાહકોમાં ફરી એકવાર રોમાંચની સ્થિતી છે. પહેલા ટ્વેન્ટી અને ત્યારબાદ વનડે શ્રેણી પ્રવાસી દક્ષિણ આફ્રિકાએ ક્રમશ ૨-૦ અને ૩-૨થી જીતી લીધા બાદ ટેસ્ટ કેપ્ટન વિરાટ કોહલી પર હવે દબાણ વધી ગયુ છે. પ્રવાસી ટીમને ભીંસમાં લેવા માટે ભારતીય સ્પીનરો તૈયાર દેખાઈ રહ્યા છે. આ મેદાન પર છેલ્લી ટેસ્ટ મેચ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ હતી. જેમાં ભારતની છ વિકેટે જીત થઈ હતી. ભારતે આ મેદાનમાં પાંચ ટેસ્ટ મેચો જીતી છે. આ વર્ષે શ્રીલંકા સામે રેકોર્ડ ટેસ્ટ સિરિઝ જીત બાદ વિરાટ કોહલી દક્ષિણ આફ્રિકા સામે ભારતીય ટીમનું નેતૃત્વ કરવા ઉત્સુક દેખાઈ રહ્યો છે. આફ્રિકા સામે ચાર ટેસ્ટ મચોની શ્રેણીમાં ભારતીય જમીન ઉપર કેપ્ટન તરીકેની ભૂમિકાને લઈને ખુબ જ ઉત્સુક કોહલી દેખાઈ રહ્યો છે. કોહલી પાસે પોતાની લીડરશીપની કુશળતા દર્શાવવાની તક રહેલી છે.

● અનુસંધાન પાન-૭ પર

આજે પંચાયત-પાલિકાની ચુંટણીનું જાહેરનામુ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયત, ૩ તાલુકા પંચાયત અને ૨ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અંગેનું આજે વિધિવત્ જાહેરનામું પ્રગટ થતાંની સાથે જ આ ચૂંટણી જંગ માટેના ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાનો પણ પ્રારંભ થશે.

૨૦૦ જેટલી બેઠકો માટેના

નગરપાલિકા માટે તમામ વોર્ડમાંથી નિયત કરાયેલ જાહેર સ્થાને તેમજ ચીફ ઓફિસરની કચેરી આવી છે. આ પ્રસિધ્ધ થતાં જ ચૂંટણી માટેના ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે.

૧૦મી તારીખ સુધી ઉમેદવારી નોંધાવી શકાશે : ૧૪મીએ ચકાસણી અને ૧૬ નવે. ઉમેદવારી પત્ર પાછું ખેંચવાનો અંતિમ દિવસ

આ ચૂંટણી જંગ માટે જિલ્લાના ૩૦૩ ગામોની પંચાયત કચેરીઓ તેમજ ચૂંટણી અધિકારીઓની કચેરી અને તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયત ઉપરાંત કલેક્ટર કચેરી ખાતે જાહેરનામું પ્રસિધ્ધ કરાશે.

ઉપરાંત તાલુકા મામલતદાર કચેરી અને ચૂંટણી અધિકારીની કચેરીએ આ જાહેરનામાની નકલ પ્રસિધ્ધ કરવામાં આવશે.

ગુજરાતી ભાષામાં આ ચૂંટણીની નોટિસ તૈયાર કરવામાં

૫૦ ટકા મહિલા અનામત અને ફરજિયાત શૌચાલયના નવા નિયમો સાથે આ ચૂંટણી જંગ ખેલાવાનો છે. આ ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી પંચે ખર્ચ મર્યાદા પણ નિયત

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં ભાજપના ઉમેદવારો ૭મીએ ઉમેદવારીપત્ર ભરશે

૬ઠ્ઠીએ સાંજે ઉમેદવારોની યાદી જાહેર થશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ભારતીય જનતા પક્ષના ઉમેદવારો ૭મીએ ફોર્મ ભરશે.

ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા યાદીને ઓપ આપવાની કામગીરી તેના અંતિમ તબક્કામાં છે અને છઠ્ઠીએ સાંજ સુધીમાં ઉમેદવારોની વિધિવત્ ઘોષણા કરી દેવાશે.

૭મીએ ઉમેદવારો ઉમેદવારી નોંધાવે અને ૯મીએ બીજા કેટલાક ઉમેદવારીપત્રો ભરશે તેમ પક્ષના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયત અને નગરપાલિકા મળી ૨૦૦ જેટલી બેઠકો હોવાથી મેન્ડેટ તૈયાર કરી આપવામાં આવશે અને તે કામગીરી હાલ ચાલી રહી હોવાની સાથે કાર્યકરો સાથે પણ બેઠકોનો દોર ચાલુ હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે.